# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-08-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોષી** વાંચે છે.

---

--------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CHANDIPURA VIRUS UPDATE

રાજ્યમાં જૂનથી 31 જુલાઈ, 2024 સુધીમાં 51 કેસોમાં ચાંદીપુરા વાઇરસની પુષ્ટિ થઈ છે. રાજ્યના આરોગ્ય વિભાગે જાહેર કરેલા આંકડાઓ પ્રમાણે, 15થી ઓછી વયના બાળકોમાં એક્યુટ એન્સેફાલિટિસ સિન્ડ્રોમના કેસ નોંધાયા છે, જેમાં રાજ્યના 24 જેટલા જિલ્લાઓમાં 140, મધ્યપ્રદેશના 4, રાજસ્થાનના 3 અને મહારાષ્ટ્રમાં એક કેસ નોંધાયો છે. રાજ્યમાં કુલ 59 દર્દીઓના મોત થયા છે.

આરોગ્ય વિભાગ, રાષ્ટ્રીય રોગ નિવારણ કેન્દ્ર તેમજ ભારતીય તબીબી સંસોધન સંસ્થાન દ્વારા સંયુક્ત રીતે સ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી. આ બેઠકમાં ગુજરાતના આરોગ્ય અને પરિવાર કલ્યાણની કચેરીઓ સહિત વિવિધ રાજ્યોના સંબંધિત વિભાગના અધિકારીઓ હાજર રહ્યા હતા.

રાજ્ય સરકારને જાહેર આરોગ્ય ક્ષેત્રે પગલાં લેવામાં મદદરૂપ થવા તેમજ રોગચાળાની તપાસ માટે રાષ્ટ્રીય સંયુક્ત આફત નિવારણ પ્રતિક્રિયા ટીમની રચના કરવામાં આવી છે.

# CHANDIPURA VIRUS- DIST.

દરમિયાન, મહેસાણા જિલ્લાના મેકબપુરા ગામમાં શંકાસ્પદ ચાંદીપુરા વાયરસથી સંક્રમિત 12 વર્ષીય બાળકી હાલ વડનગર સિવિલમાં સારવાર હેઠળ છે. અમારા મહેસાણા જીલ્લાના પ્રતિનિધી જયંતી ચૌધરી જણાવે છે કે, જિલ્લામાં અત્યાર સુધીમાં 10 શંકાસ્પદ કેસ સામે આવ્યા છે, જેથી આરોગ્ય વિભાગ દ્વારા જીલ્લામાં સર્વેલન્સની તમામ કામગીરી કરવામાં આવી રહી છે.

અમારા પંચમહાલના પ્રતિનિધી વિપુલ પુરોહિત જણાવે છે કે, ઘોઘંબા તાલુકાના દામાવાવ ગામના એક બાળકને ચાંદીપુરા વાઇરસના શંકાસ્પદ

લક્ષણ જોવા મળતા વડોદરાની હોસ્પિટલમાં સારવાર અર્થે મોકલાયો છે. આરોગ્ય વિભાગના 600 કર્મચારીઓની ટીમ જિલ્લાના અસરગ્રસ્ત વિસ્તારોમાં મકાનોની તીરાડો પૂરવાની કામગીરી કરાઇ રહી છે.

પાટણ જિલ્લામાં નાયતા ગામનાં સાત વર્ષીય બાળકનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેને પાટણની ધારપુર GMERS મેડીકલ કોલેજ હોસ્પિટલ ખાતે સારવાર અપાઇ રહી છે.

સુરત જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા કુલ 517 ગામોમાં મેલેથીઓન પાઉડરનું ડસ્ટિંગ કરાયું છે. તેમજ આરોગ્ય અધિકારીઓ દ્વારા વિવિધ સ્થળોની મુલાકાત લઇ લોકોને સાવચેત રહેવા અપીલ કરી હતી..

# GUJ. PAK VAVETAR

કૃષિ મંત્રી રાઘવજી પટેલે રાજ્યમાં વાવેતરની વિગતો આપતા જણાવ્યું છે કે, રાજ્યમાં સાર્વત્રિક વરસાદ થતા ખેડૂતોએ આશરે 70 લાખ હેક્ટર જમીનમાં ખરીફ પાકનું વાવેતર છે. જેમાં સૌથી વધુ 23 લાખ હેક્ટર જમીનમાં કપાસનું વાવેતર કરાયું છે. ઉપરાંત કુલ ૨૨.૯૦ લાખ હેક્ટર જમીનમાં તેલીબીયા પાકોનું વાવેતર કરાયું છે.

મંત્રીશ્રીએ જણાવ્યું કે, રાજ્યમાં અત્યાર સુધીમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ ૬૦ ટકાથી વધુ નોંધાયો છે. સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાત સહિતના જિલ્લાઓમાં ભારે વરસાદને પગલે મોટા પાયે ખરીફ પાકનું વાવેતર કરાયું છે.

ગત વર્ષે આ સમયગાળા દરમિયાન રાજ્યમાં ૭૪ લાખ હેક્ટરમાં ખરીફ પાકોનું વાવેતર થયું હતું. છેલ્લા ૩ વર્ષની સરેરાશ કાઢતા સામાન્ય રીતે રાજ્યમાં કુલ ૮૫ લાખ હેક્ટર વાવેતર વિસ્તારની સામે ચાલુ વર્ષે અત્યાર

સુધીમાં ૮૧ ટકા જેટલા વિસ્તારમાં વાવેતર થઇ ગયું છે. જેમાં કપાસ, મગફળી, એરંડા, તલ, સોયાબીન, ડાંગર, જુવાર સહિતના ખરીફ પાકોનું વાવેતર થયું છે.

# GUJ. BREAST FEEDING WEEK

આજે પહેલી ઓગસ્ટથી સાત ઓગસ્ટ સુધી વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણી થઈ રહી છે. જેના ભાગરૂપે રાજ્યના મહિલા અને બાળ કલ્યાણમંત્રી ભાનુબહેન બાબરિયાએ ગાંધીનગર સિવિલ હૉસ્પિટલ ખાતે રાજ્યવ્યાપી ઝુંબેશનો પ્રારંભ કરાવ્યો હતો. આ સાથે જ રાજ્યભરના હૉસ્પિટલ અને આરોગ્ય કેન્દ્રોમાં ઉચ્ચ અધિકારીઓની આગેવાનીમાં વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણીનો પ્રારંભ થયો છે.

અ પ્રસંગે બોલતા ભાનુબહેન બાબરિયાએ જણાવ્યું કે જન્મ બાદનું પ્રથમ માતાનું પ્રથમ ધાવણ બાળક માટે અમૃત સમાન હોય છે. જેથી ગળથૂથી જેવા પંરપરિક રિવાજો બંધ કરીને જન્મના પ્રથમ કલાકમાં જ બાળકને માતાનું દૂધ આપવું જોઈએ. આ પ્રસંગે મંત્રીશ્રીએ સિવિલ હોસ્પિટલ ખાતે આવેલા ગાયનેક વૉર્ડની મુલાકાત લઈ મહિલા દર્દીઓને સ્તનપાનના ફાયદા વિશે સંવાદ કરી કિટ વિતરણ કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે, વિશ્વભરમાં સ્તનપાનને પ્રોત્સાહન આપવા તેમજ બાળકોને વધુ પોષણ મળે તે અર્થે જાગૃતિ લાવવાના હેતુ સાથે વર્ષ 1992થી વિશ્વ સ્તપાન સપ્તાહની શરૂઆત કરાઈ હતી.

# NARI VANDAN SPTAH

રાજ્યભરમાં આજથી આઠમી ઓગસ્ટ સુધી નારી વંદન સપ્તાહની ઉજવણી કરાશે. આ સપ્તાહ દરમિયાન તમામ જિલ્લાઓમાં સ્વરોજગાર મેળા, મહિલા સન્માન સમારોહ, કાયદાકીય જાગૃતિ જેવા વિવિધ સેમિનાર યોજાશે. જે અંતર્ગત, મહિલા સુરક્ષા દિવસ, બેટી બચાવો- બેટી પઢાવો,

મહિલા સ્વાવલંબન દિવસ, મહિલા નેતૃત્વ દિવસ, મહિલા કર્મયોગી દિવસ, મહિલા કલ્યાણ દિવસ અને મહિલા અને બાળ આરોગ્ય દિવસની ઉજવણી કરવામાં આવશે.

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં પણ આ કાર્યક્રમ અંતર્ગત બેટી બચાવો- બેટી પઢાઓને પ્રાધાન્ય આપતા સૂત્રોચ્ચાર સાથે આ રેલીનું આયોજન કરવામાં આવ્યું..

તો નર્મદા જીલ્લાના નાંદોદના ધારાસભ્ય દર્શનાબેન દેશમુખે જનજાગૃતિ રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું. જીલ્લામાં એક અઠવાડિયા દરમિયાન કાયદાકીય શિબિરો, મહિલા રોજગાર મેળા, સ્પર્ધાઓ સહિતના વિવિધ કાર્યક્રમો યોજાશે.

આણંદ જિલ્લાની પી. એમ. પટેલ કોલેજ ખાતે નારી વંદન સપ્તાહન અંતર્ગત જનજાગૃતિ રેલી યોજાઇ, પ્રદેશ મહામંત્રી નીપાબેન પટેલે આ રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું..

ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકાર દ્વારા મહિલાઓ સશક્ત અને શિક્ષીત બને તે હેતુથી મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા “નારી વંદન ઉત્સવ” સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે.

# RAJKOT- MOU

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી તથા રાજકોટ પોલીસ વચ્ચે આજે UG-PG માં વેલ્યુ એઈડેડ વિષય તરીકે "Cyber Education" દાખલ કરવા માટે કરાર કરવામાં આવ્યા. જે અંતર્ગત, નેશનલ એજ્યુકેશન પોલીસી **2020**માં રાજ્ય સરકાર દ્વારા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે નોન કાઉન્સિલ હેઠળની વિવિધ વિદ્યાશાખાઓ અંતર્ગતના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો તેમજ નેકના સંદર્ભે અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં વેલ્યુ એડેડ કોર્સ દાખલ કરવા હેતુસર "સાયબર એજ્યુકેશન" વિષય હેઠળ બે અભ્યાસક્રમો માટે આજે કરાર કરાયા..આ પ્રસંગે

પોલીસ કમિશનરે સાઇબર ક્રાઇમ વિષય પર વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું.